GJVD060013832026

**વાઘોડીયાના મે.એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, મુ.વાઘોડીયા.**

**ક્રિમીનલ કેસ નં.૧૧૪૭/૨૦૨૬**
આંક–

**ફરીયાદી**– શ્રી સરકાર.

**વિરુધ્ધ.**

**આરોપી**– અતુલભાઇ ઘેલાભાઈ વાળંદ

**ગુનો– પ્રોહી.એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબ.**

**–ઠરાવ–**

**૧.** સદર કામે આરોપી સામે પુરતો પુરાવો જણાઇ આવતા પ્રોહી.એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબની શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત આરોપી સામે મુકવામાં આવેલ છે. આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં કેસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. આરોપીની સામે તહોમત ફરમાવી પ્લી લેવામાં આવતાં તેઓએ ગુનાની કબુલાત કરેલ છે અને અલગથી ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

**૨.** સદર કેસના કેસ પેપર્સ ધ્યાને લીધા. વિ.એ.પી.પી.શ્રીની રજુઆત સાંભળી તથા આરોપીની ગુના કબુલાત અને તે અંગેની કબુલાત પુરસીસ વંચાણે લીધી તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતાં, સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતાં આરોપી ગરીબ ઇસમ છે, બાલ બચ્ચાવાળો ઇસમ છે, તેના શીરે કુટુંબની ભરણપોષણની જવાબદારી છે. આરોપીને ગુનાનો પસ્તાવો થતો હોય અને કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી તેમજ ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે. જેથી ઉપરોક્ત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતાં ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવું છે તેમજ આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહ્ય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ હોય આથી નીચે મુજબનો હુકમ કરવામાં કરવામાં આવે છે.

**હુકમ**

આ કેસના આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ અન્વયે ધી પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં દોષિત ઠરાવીને **કોર્ટ ઉઠતા સુધીની સજા** તથા **દંડ રૂ.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૫(પાંચ)ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ તા.૯મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૦૯–૦૬–૨૦૨૬
વાઘોડીયા.

**(કે. એમ. ચાવડા)**
એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૪૬૪]

S.R.Tadvi